વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

અનસૂયા

Anasooya (Gujarati Fortnightly)

વર્ષ - ૪૨ : અંક - ૧૫-૧૬ ✱ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ✱ તંત્રી : નમ્રતા બાલી ✱ પ્રકાશન : જુલાઈ ૨૨, ઑગસ્ટ ૬, ૨૦૨૪

# રાષ્ટ્રીય બજેટ : 'સેવા'ની માંગ

રાષ્ટ્રીય બજેટ માટેની પ્રી બજેટ મિટીંગ તા.૨૪/૬/૨૪ના રોજ નાણાંમંત્રી નિર્મલા સીતારામનજી સાથે ૧૧ રાષ્ટ્રીય સંગઠનો સાથે થઈ. 'સેવા'એ આમાં અસંગઠિત ક્ષેત્રના કામદારો માટે કયા કયા બજેટ ફાળવવાની જરૂર છે તેની રજૂઆત કરી. જેના મુખ્ય મુદ્દાઓ જોઈએ તો :

૧. વાતાવરણના બદલાવની અસર અસંગઠિત ક્ષેત્ર ઉપર લાંબા ગાળા સુધી પ્રભાવ રહે છે. જે તેમને વધુ ગરીબી તરફ ધકેલે છે. માટે, કલાયમેન્ટ રેઝીલીઅન્સ ફંડ આ શ્રમજીવીઓની જરૂરિયાતો મુજબ બને જેમાં ઈન્ટીગ્રેટેડ વીમો હોય જે હીટવેવ, પૂર, વાવાઝોડા, કમોસમી વરસાદ સામે સર્વગ્રાહી રક્ષણ આપે.

૨. અસંગઠિત ક્ષેત્ર માટેના સામાજિક સુરક્ષાના કાયદા ૨૦૦૮ હેઠળ ઈ-શ્રમ કાર્ડ ૨૭.૬૯ કરોડ બન્યા છે. આ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર રાજ્યોના સામાજિક સુરક્ષા બોર્ડમાં ફંડ મુકે જેથી કદાચ દુનિયાની આ કદની પ્રથમ સામાજિક સુરક્ષા યોજનાઓ ૨૦૨૪ના અંત પહેલાં શરુ થાય.

૩. બાંધકામ કામદારોની સર્વગ્રાહી આરોગ્ય સંભાળ માટે કામદાર રાજ્ય વીમા યોજના સાથે જોડવા અને માલિક-કામદારોનો ફાળો બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રક્શન વર્કર્સ બોર્ડમાં એકત્રિત થયેલ સેસમાંથી ૨૦૨૪માં આપવો.

૪. ભારતના ૭૫,૦૦,૦૦૦ બીડી કામદારો માટેનો સેસ એક્ટ જી.એસ.ટી. આવવાથી રદ કર્યો છે. આ સેસ એક્ટ હેઠળ વિવિધ કલ્યાણકારી યોજનાઓ બીડી કામદારો માટે ચાલતી હતી તેમાં વધુ બજેટ ફાળવી ૨૦૨૪ અંત પહેલાં પુનઃ શરુ થાય.

૫. ભારતના ૩ કરોડ વેચનારા માટે 'કલાયમેન્ટ ફ્રેન્ડલી' બજારો શહેરે શહેરે અને તાલુકે તાલુકે બનાવવા બજેટ ફાળવવું.

૬. ઘરે-ઘરેથી ભીનો-સુકો કચરાનું એકત્રીકરણનું ખાનગીકરણ બંધ કરી આ કામ પરંપરાગત કામ કરતાં વેસ્ટ રિસાયકલર્સને અથવા તેમની સહકારી મંડળીને આપવું અને તેમના માટે સામુદાય આધારિત ટેક્નોલોજી અને તેમની આવડતમાં વધારો કરવા ૨૦૨૪માં બજેટ ફાળવવું.

૭. શહેરી ક્ષેત્રે બેરોજગારી વધી રહી છે. ૪૨મી ઈન્ડિયન લેબર કોન્ફરન્સની ભલામણ અનુસાર શહેરી રોજગાર ગેરંટી યોજના ઘોષિત કરી બજેટ ફાળવવું.

૮. દેશના નાના અને સીમાંત ખેડૂતોને આખું વર્ષ કામ નહીં મળવાથી ભાગિયા તરીકે કામ કરે છે. આ લાખો 'ભાગિયા'ઓનો સમાવેશ 'કિસાન સમ્માન યોજના' અને 'પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના'માં કરવો. આ માટેનું બજેટ ફાળવવું.

૯. ભારતના લાખો પ્રવાસી કામદારો માટે રાશનકાર્ડ અને તેમના અન્ય દસ્તાવેજોની પોર્ટેબલીટી સુનિશ્ચિત કરવી. જેથી આ કામદારોનો 'સોર્સ' અને ડેસ્ટીનેશન પર સામાજિક સુરક્ષાનો લાભ લેવા હકદાર બને.

૧૦. અંદાજે પાંચ કરોડ ઘરખાતા કામદારો માટે કોમ્પ્રીહેન્સીવ રાષ્ટ્રીય નીતિ બને તેમજ તેમની સામાજિક સુરક્ષા માટે પાઈલોટ બજેટ ૨૦૨૪માં ફળવાય.

૧૧. હજારો મીઠા કામદારોને મીઠું ઉત્પન્ન કરવા માટેની જમીન લાંબાગાળાની લીઝ પર મળે. તેમજ સરકાર મીઠાને જરૂરિયાતની કોમોડીટી એમ.પી.એસ. હેઠળ આવરી લે.

૧૨. ઘરેલું કામદારો માટેનો કાયદો બને અને તેમના કલ્યાણ માટે રાષ્ટ્રીય યોજના થાય.

## રાષ્ટ્રીય બજેટઃ 'સેવા'નો પ્રતિભાવ

'સેવા'એ ૨૦૨૪ના બજેટ માટે નાણાંમંત્રીને પત્ર લખી માંગણીઓ મૂકી હતી. 'સેવા'એ બીજા ૧૦ રાષ્ટ્રીય ટ્રેડ યુનિયનો સાથે મળી પણ માંગણી મૂકી હતી. નીચે સેવાના સભ્યોના ૨૦૨૪ ના બજેટ ઉપર પ્રતિભાવો આપ્યા છે.

૧. બજેટમાં ખેતીની ઉત્પાદકતા અને રેઝીલીઅન્સ પર ધ્યાન આપ્યું છે. તે આવકારીએ છીએ અને માંગીએ છીએ કે, આ બજેટના પૈસા છેલ્લામાં છેલ્લી પોતાનું ખેતર ધરાવતી 'સેવા'ની સભ્ય અને પારકા ખેતરે ખેતી કરતી 'સેવા'ની ખેતમજૂર સભ્ય સુધી કેટલાં અને ક્યારે પહોંચશે ? આની વ્યવસ્થા કરવાની રહી. સેવાની હજારો ખેડૂત બહેનોને મદદ મળે માટે પોતાના ખેતર આર્ગેનિક એટલે સેન્દ્રીય કરવા મથી રહી છે.

૨. ૨૦૨૪ બજેટ કૌશલ્ય અને રોજગારી પર ભાર મુકવા માંગે છે તે, 'સેવા' આવકારે છે અને સૂચન કરે છે કે, આપણા દેશમાં લાખો પ્રકારના કૌશલ્ય સચવાય અને તેને અનુરૂપ કૌશલ્ય ઉમેરાય તે માટે બજેટના પૈસા કેમ કરતા વાપરવા ? કોઈ કૌશલ્ય નાશ ના પામે તે કેમ કરી જોવું ? આનું તંત્ર ગોઠવવું. 'સેવા'ની ગામોગામ સેંકડો બહેનો ભારતની પરંપરાના મહામુલા કૌશલ્ય જાળવી રાખી જીવન ગુજરાન કરે છે. આ જીવતાં કૌશલ્યોને આ બજેટના પૈસાથી લાભ થાય તે જરૂરી છે.

૩. ૨૦૨૪નું બજેટ અર્બન ડેવલોપમેન્ટ માટે પૈસા ખર્ચવા માંગે છે તે આવકાર પાત્ર છે પરંતુ સેવાના સભ્યો માંગે છે કે, શહેરી વિકાસમાં ખાસ બાળ સંભાળ, રોજગાર કેન્દ્રો, હસ્તકલા હાટ, ઘર, કારખાના બાંધકામ અને મોટી સંખ્યામાં ગરીબ બહેનોની સહકારી મંડળીઓ દ્વારા હરિયાળાં શહેરી જંગલો અને ઘરે-ઘરેથી સૂકો-ભીનો કચરો એકત્રિતકરણના કામમાં પરંપરાગત વેસ્ટ રિસાયકલર્સ જોડાય. ઉપરાંત વેચનારાના સ્વાભાવિક બજારોને 'ગ્રીન બજાર' બનાવવામાં મદદરૂપ થાય. તેમજ ઘરખાતા કામદારો માટે કામ કરવા માટેના કમ્યુનિટી શેડ્ઝ બને. વેસ્ટ રિસાયકલર્સ માટે એકઠો કરેલા કચરાના સેગ્રીગેશન માટે જગ્યાઓ ફળવાય. ભારતના શહેરો ભારતની જીવનશૈલીને યોગ્ય અને અનુરૂપ હોય તે આ બજેટના પૈસાથી પાર પાડી શકાય.

૪. 'સેવા'માં ઉર્જા સલામતિ પર સેંકડો બહેનો વિવિધ કામો કરે છે. ૨૦૨૪ બજેટ એનર્જી સિક્યુરિટી એટલે કે ઉર્જા સલામતી પર ભાર મુકવા પૈસા ખર્ચવાનું છે તે આવકારને પાત્ર છે. ખાસ કરી આ પૈસા બહેનોના સોલાર પાર્ક, સૌર વાહન, સૌર ઘર કારખાના, ઘર ઉપયોગના પવનટર્બાઈન અને સૌર બજારો માટે પહેલાં વપરાય તે અગત્યનો મુદ્દો ધ્યાનમાં રાખવો જરૂરી છે.

૫. ૨૦૨૪નું બજેટ ઇનોવેશન અને સંશોધન પર પૈસા ખર્ચવા માંગે છે તે આવકારને પાત્ર છે અને સેવા માંગણી કરે છે કે, હજારો ગરીબ કામદાર બહેનો રોજે રોજ ઇનોવેશન કરી પોતાનું જીવન ચલાવે છે તે બાબત નોંધી બહેનોએ કરેલાં ઇનોવેશન અને તે બહેનોને ઉપયોગી ઇનોવેશન માટે બજેટના પૈસા ખર્ચવાની વ્યવસ્થા કરવામાં આવે. સેવા તો ગરીબ અને કામદાર બહેનોની ઇનોવેશનની પ્રયોગશાળા છે. નવનીત પ્રયોગો ચાલે છે. સ્થાનિક સ્તરે, કમ્યૂનિટીમાં રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટરો સ્થાપવામાં બજેટ વપરાય જેથી શ્રમજીવીઓએ કરેલાં ઇનોવેશનને એક સ્વરૂપ મળે અને વિસ્તૃત શ્રમજીવી વર્ગ સુધી પહોંચે. તેમજ ટેકનોલોજીની જરૂર શ્રમજીવીઓને છે તે પ્રમાણેના ટુલ્સ અને ઇક્વીપમેન્ટસ વિકસે જેથી બદલાતા અર્થતંત્ર સાથે કદમ મિલાવી શકે. કોઈ પણ બજેટ માટેની અગત્યતા કે સફળતા તે કેટલે અંશે અને કોને પહોંચે છે તેના પર છે.

**- મનાલી**

❑

# 'કમલા-અનુબંધ'નો અનુબંધ કેવો ?

''સેવા સંગઠન ઝીંદાબાદ !'', ''દરેક બહેન ઈલાબહેન !'' ''હમ સબ એક હૈ !''

'કમલા અનુબંધ'નું ઉદ્‌ઘાટન અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાના મનીપુર ગામમાં તા.૨/૮/૨૪ના 'સેવા'ના પાયાના અને વડીલ રેનાનાબહેન ઝાબવાલાના હાથે થયું. આ આપણું ૭મું 'કમલા' છે. 'કમલા' એટલે 'સેવા'નું ખરા અર્થમાં સ્વાવલંબી સભ્ય બહેનોનું સાહસ. 'કમલા'ને સ્વ. ડૉ. કમલાબહેન ચૌધરી, આપણાં ઈલાબહેન, 'સેવા'ના જુના પાયાના સંચાલક ઈન્દીરાબહેનના ખૂબ જ આર્શીવાદ મળતા રહે છે અને આપણી કામદાર સભ્ય બહેનોની મહેનતથી તે એક વર્ષમાં જ સ્વનિર્ભર થાય છે.

'કમલા-અનુબંધ' નામ 'સેવા'ના ઉમાબહેને આપ્યું. ઉમાબહેન ઈલાબહેનના દરેકે દરેક સિંદ્ધાતને આચરણમાં મૂકે છે. આ 'કમલા-અનુબંધ'માં તે ઈલાબહેનનો ''અનુબંધ'' અને ''૧૦૦ માઈલનો સિદ્ધાંત'' સાર્થક કરવા માંગે છે.

'કમલા' નામ કેમ ?

રીમાબહેને કાર્યક્રમની શરૂઆત તેનાથી કરી. આપણા ભારતના જાણીતા પર્યાવરણવાદી ડૉ. કમલાબહેન ચૌધરી. તેમણે કામની શરૂઆત અમદાવાદથી કરી. તેઓ ડૉ. વિક્રમ સારાભાઈ જોડે ખભેખભો મેળવી પી. આર. એલ. મિટીંગ આઈ. આઈ. એમ. અમદાવાદ જેવી ખ્યાતનામ સંસ્થાઓ શરુ કરી. આ દરમ્યાન તેઓ 'મજુર મહાજન' સંઘમાં અવારનવાર આવતા. ઈલાબહેનને મળવાનું થયું અને 'સેવા' વિષે જાણ્યું. એટલે કે, ૧૯૭૨થી તેઓ 'સેવા'ના સાથી કહો કે હિતેચ્છુ બની ગયા. 'સેવા'ના પર્યાવરણના કામમાં ઘણી દિલચસ્પી રાખતાં. તેમનો અમદાવાદમાં બોડકદેવમાં પ્લોટ હતો. આ પ્લોટ તેમણે 'સેવા'ને વારસામાં આપ્યો.

'સેવા' અને ડૉ. કમલા ચૌધરી બન્ને પર્યાવરણની જાળવણીમાં માને. તેથી આપણે ત્યાં કોઈ મકાન કે ઈમારત ઉભી ના કરી. ભાડું ખાવાનું આયોજન ન કર્યું. ઉપરાંત 'સેવા' પાસે એવી કોઈ મૂડી પણ નહોતી જેના વડે મિલકત ઉભી કરી શકાય.

ઈન્દિરાબહેન તથા ઉમાબહેન જોડે વાત કરી. અહીં આપણે ઝીરો બજેટ (એટલે કોઈ પણ જાતની નાણાંકીય જોગવાઈ વગર) કાર્યક્રમ હાથ ધરવાનો છે. 'સેવા'ના સંસ્કારમાં રંગાયેલા બન્નેએ બીડું ઝડપ્યું. ઈન્દિરાબહેન 'સેવા'ના જ્યોતિર્ધર. દરેક નવા કામમાં આગળ, સફળતાને મહેનતથી બાંધીને લઈ આવે. ઈન્દિરાબહેને જમીનને સમતોલ અને ઉપજાવ કરવાનું બીડું ઝડપ્યું. તેમની મદદમાં પાનીબહેન અને રામેશ્વર રહ્યા. તેમણે જમીન ખોદી ખોદી – બાંધકામનો કાટમાળ કાઢ્યો. તેમાં માટી, ખાતર ભરીને સ્થાનિક ફળફૂલનું પ્લાન્ટેશન કર્યું.

અહી શરૂઆત ઉમાબહેન અને આગેવાન કપીલાબહેને જોડે રહીને કરી. ત્યાં ગરમ નાસ્તો બનાવવાનું શરુ કર્યું. નાનું છાપરું બનાવી, ગેસ ઉપર નાસ્તો બનાવે. કુપન વેચીને આગોતરું ભંડોળ ઊભું કરે. ખૂબ મહેનતને અંતે ધીરે ધીરે ઘરાક વધતા ગયા. તેમાંથી 'કમલા' ઉપર વાંસ અને નેતરનો શેડ સેપ્ટના વિદ્યાર્થીએ થીસીસના ભાગ તરીકે બનાવ્યો.

'કમલા' ૧૦૦ માઈલના સિદ્ધાંત પર ચાલે છે. આપણાં જ સેવાના સભ્ય બહેનો જે શાકભાજી ઉગાડે છે – અનાજ, કઠોળ, મસાલા, ફળ વગેરેનો ઉપયોગ કરીને જમવાનું, નાસ્તો તૈયાર કરવામાં આવે છે. 'કમલા'માં ૧ પ્લેટ આરોગીએ તો ૬ પરિવારને રોજગારી મળે છે. ગામનો પૈસો ગામમાં રહે છે. ઘરાકનો પૈસો ગરીબ કામદાર બહેનોને જાય છે.

આ તબક્કે 'કમલા-અનુબંધ'નું ઉદ્‌ઘાટન કરતા રેનાનાબહેને હાજર સૌ કોઈને 'સેવા'નું ટ્રસ્ટ – 'મહિલા સેવા ટ્રસ્ટ'ની સ્થાપના તેમજ મનીપુર ગામમાં 'સેવા અકાદમી'ની પણ જાણકારી આપી.



**'કમલા અનુબંધ'નો ઉદ્‌ઘાટન પ્રસંગ**

ઈલાબહેને સેવાના સભ્ય બહેનોના વિકાસ માટે ટ્રસ્ટ બનાવ્યું. બહેનોનો ખાસ શક્તિ વિકાસ થાય તે માટે. ઈલાબહેને પોતાના તન-મન અને ધન સર્મપિત કર્યા. તેમને ૧૯૭૮માં 'મેગસેસ' અવોર્ડ મળ્યો. એવોર્ડની બધી રકમ તેમણે આ ટ્રસ્ટમાં દાન કરી. ત્યાર પછી જે કોઈ એવોર્ડ મળ્યા તે દરેકે દરેકના પૈસા બધા ટ્રસ્ટમાં આવ્યાં. આંકડો માંડીએ તો કરોડોમાં પહોંચે.

ઈલાબહેનની એક ઈચ્છા હતી કે, કામદાર અભણ ગરીબ બહેનો માટે એક કોલૅજ બનાવીએ. સરકારે કહ્યું તમે કોલૅજ શબ્દ ના વાપરી શકો. તેથી આપણે 'અકાદમી' બનાવીએ. અકાદમીમાં જે આઇ. એ. એસ. ઓફિસર હોય તે ભણે. આપણે કોઈ આઇ. એ. એસ. ઓફિસરથી ઓછા નથી ! આપણી આગેવાન બહેનો સમગ્ર જિલ્લાનું સંચાલન કરે છે. દેશભરમાં અંદાજે ૨૦૦ જેટલા જિલ્લા. તેથી આપણે તેને 'સેવા અકાદમી' નામ આપ્યું. અહીં બધી તાલીમો થાય. તાલીમોથી સભ્યો આગળ વધે છે. જેમ આજે ઉષાબહેને કહ્યું- મેનેજમેન્ટની તાલીમ, શોભનાબહેને કહ્યું – તાલીમ લીધી શેફ બન્યાં.

'અનુબંધ' – એટલે એકબીજા સાથે જોડાણ કરવું. સબંધ બાંધવા. સંગઠનમાં જ અનુબંધ સમાયેલું છે. જેની પાસે નાણાં/પૈસા છે. બહુ ભણેલા છે અને શ્રમજીવી જોડે સબંધ બાધે. તમે આઇ. આઇ. એમ. યુનિર્વસીટીમાં 'કમલા' ચલાવો તો તમે એમની પાસેથી શું શીખી શકો ? તમારા બાળકો માટે શું કરી શકો ? બેંક પાસેથી શું લઈ શકો ? વગેરે તમે શીખતા અને જાણતા થાવ.

'કમલા'માં કામ કરતા ઉષાબહેન સોલંકીએ તેમનો અનુભવ કહેતા જણાવ્યું કે, હું ૨૩ વર્ષથી 'સેવા'માં સંગઠક છું. સુરેન્દ્રનગરમાં મીઠા કામદારોનું સંગઠન કરતી હતી. પણ છેલ્લા ૩ વર્ષથી 'કમલા' આઇ. આઇ. એમ. અમદાવાદમાં દરેક કામ પાર પાડું છું. મને 'કમલા' કેમ ચલાવવું તે વિષે કંઈ જ ખબર ન હતી. હું ઘણી બધી તાલીમ લઈને શીખી. મહેમાનને આવકારવા, સફાઈ કેમ રાખવી, સુઘડતા કેમ રાખવી, તે મારી જવાબદારી છે. મેનુ કેવી રીતે બનાવવું, રસોડાની ગોઠવણ, સફાઈ, પ્લેટ પીરસવી એક સરખી, બિલ બનાવવા, આમ રોજના ૧૦૬ જાતના કામો કરવાના સૌને થાય. હવે તો આખી ટીમના કામની દેખરેખ રાખું છું. મહિનાના ત્રીસે ત્રીસ દિવસ સવારના ૭:૩૦ થી રાતના ૧૧:૦૦ સુધી 'કમલા' સૌને આવકારે છે.

આઇ. આઇ. એમ.ના 'કમલા'માં વિદ્યાર્થીઓ, પ્રોફેસરો, વાલીઓ બધા જમવા, નાસ્તો કરવા આવે છે, અમે તેમને આવકારીયે. તેમને શું ભાવે ? શું ના ભાવે ? ક્યારેક તબિયત સારી ના હોય ને ના આવે, તો તરત પૂછીએ અને તેમને અનુકૂળ આવે તેવું બનાવી આપીએ. એક ઘર જેવી જ આત્મીયતા ને સંબંધ કેળવીએ. બધા મને દીદી, કાકી, આંટી જે નામથી બોલાવે. આ અમારો અનુબંધ. નફો અને પૈસા – ધંધાનો ભાગ છે, પણ ધંધાનું એક જ ધ્યેય નથી. ધંધો તો સામાજીક પ્રવૃત્તિ પણ છે.

ચિખોદરાના શોભનાબહેન કહે કે, હું ૭ વર્ષથી સેવાની સભ્ય છું. કોઈ દિવસ અમદાવાદ આવી ન હતી. હું તો આવડા મોટું શહેરમાં મોટા મોટા મકાનો જોઈ બહુજ નવાઈ પામી. મને રસોઈ બનાવવાનો શોખ. મેં તાલીમ લીધી જુદા જુદા નાસ્તા, વાનગી બનાવવાની, કેવી રીતે પ્લેટમાં પીરસવાનું હું 'આણંદ' કમલામાં 'શેફ' છું. પહેલાં તો કોઈ ઘરાક ના આવતા. તો અમે નાસ્તો લઈ બેંકમાં, ટ્યુશન ક્લાસમાં આજુબાજુની સોસાયટીમાં જઈએ. બધાએ નાસ્તો ચાખ્યો પછી આવવા લાગ્યા. પહેલાં અમારું ભાણું તાજુ, પોષક, વ્યાજબી હોય. સ્વાદિષ્ટ ચટાકેદાર ક્યારેય નહીં. ધીરે ધીરે ઘેર ૧૦-૨૦ પ્લેટ નાસ્તો પહોંચાડવાનો ઓર્ડર મળવા લાગ્યો. હવે તો અમૂલ ડેરી, બેંકો, સરકારી અધિકારીઓ જમવા આવે છે. નાસ્તાના ઓર્ડર મળે. આ અમારું અનુબંધ.

જમીયતપુરા ગામના ગીતાબહેન કહે, હું ૧૨ વર્ષથી સેવાની સભ્ય છું. હું સેવાની એક મિટીંગમાં ગઈ અને સેવાની સભ્ય બની. ૩ વર્ષ પછી હું વિધવા થઇ. ત્યારે 'સેવા'એ મને કહ્યું કે, ક્યાં સુધી ઘરમાં બેસી રહેશો ? હું પાપડ બનાવવા લાગી. 'કમલા'માં આપું છું. હવે મારી જોડે બીજી પાંચ બહેનોને પણ કામ આપું છું. મને રૂ. ૫૦,૦૦૦ જેટલો વધારો પણ મળે. હું પોષાઈ ગઈ. હું બીજા પાંચને પોષું છું. આ મારું અનુબંધ.

આ ઉદ્‌ઘાટન પ્રસંગે કોવિડની મહામારી દરમ્યાન લોકડાઉનમાં, ખૂબ જ ગરમી હોય કે વરસાદ, ઠંડી હોય કે તહેવાર, ખડે પગે 'કમલા'ને ધમધમતું રાખ્યું તેવા 'કમલા'ના સંગઠકોનું સન્માન 'સેવા'ના પ્રમુખ રમીલાબહેન તથા રેનાનાબહેનના હાથે કરવામાં આવ્યું.



**સન્માન પત્ર સ્વીકારતા 'કમલા'ના સંગઠકો**

કપીલાબહેન અને રૂપલાલ ભાઈ જેમણે ઉમાબહેન જોડે 'કમલા'ની શરૂઆત કરી હતી. ઈલાબહેન અમદાવાદ જિલ્લાના આગેવાન જે કોવીડ દરમ્યાન અઢી મહિના 'ગ્રામહાટ' રહી 'કમલા' ચલાવ્યું. નેહાબહેન જે મદદનીશ તરીકે જોડાયા હતા જે હવે 'શેફ' છે. તો નિર્મલાબહેન જે સફાઈ કામમાં જોડાયા તે હવે મદદનીશ છે. આ અમારો પરસ્પરનો અનુબંધ.

'આપણે ખાવા માટે નથી જીવતા. ખાવાનું મોજશોખ માટે જ નથી. દરેક ભાણું એ આર્થિક, સામાજીક અને રાજકીય પ્રવૃત્તિ છે. આપણાં મૂલ્યોનું પ્રતિક છે', તેમ ઈલાબહેન કહેતા અને 'સેવા'ની બૌદ્ધિકમાં પીરસેલી થાળી કે ટીફીનનું એનાલીસીસ કરાવતા. અંતે 'અમે પર કરીશું...'થી ''કમલા અનુબંધ'' ગુંજી ઊઠયું.

**- રીમા**

❑

# ખેડૂત બહેનો ખેતી બજારમાં !

ઈલાબહેન ભટ્ટે તેમના પુસ્તક ''અનુબંધ''માં ખાસ ભાર મુક્યો કે ગ્રાહકો અને ઉત્પાદકો તેમજ ઉત્પાદકો અને કાચા માલ વચ્ચેનું અંતર ઘટાડીને વિશ્વભરમાં લોકોને સશક્તિકરણ અને આર્થિક અને રાજકીય સંતુલન પુન:સ્થાપિત કરી શકાય છે. તેમણે લખ્યું કે આજ પચાસ વર્ષનો 'સેવા'નો અનુભવ છે. તેઓ કહે કે, ખોરાકની આયાત કરવાથી ખાદ્ય સુરક્ષાના પ્રશ્નો હલ થઈ શકતા નથી તેનો સાચો ઉકેલ તો સમુદાય દ્વારા સામુહિક સ્થાનિક બજારોનું સંચાલન થાય તો આ સમસ્યાનું સમાધાન આપણે લાવી શકીએ.

આને નજરમાં રાખીને ૫૪ બહેનો દ્વારા ૨૦૧૧માં શરૂ કરાયેલ 'ખેડા મહિલા ખેડૂ સહકારી મંડળી' કે, જે અત્યાર સુધી કૃષિમાં ઈનપુટ—જેમ કે બિયારણ, સાધનોના વેચાણનું કામ કરી રહી હતી. તેમણે બજારમાં સીધા જાતે જઈને રાયડો વેચવાનું નક્કી કર્યું. મારું ઉત્પાદન, મારું વેચાણ! તે માટે બહેનોએ જાતે ઘેર ઘેર ફરી રાયડાની ખેતી કરતાં ૯૮ ખેડૂતોનું સર્વેક્ષણ કર્યું. ખેડા, મેમદાબાદ, બારેજા અને નેનપુરના સ્થાનિક બજારોમાં રાયડોના નમુના લઈ જઈ જાતે બજારોનો અભ્યાસ કર્યો. કૃષિ નિષ્ણાંત ડૉ. કે.જી. મહેતાની સલાહ લઈને મોટા બજારો નરોડા, માધુપુરા અને ઊંઝાના બજાર ફર્યા, ઊંઝા અને પાટણની મસ્ટર્ડ ઓઈલ મિલો, એ.પી.એમ.સી. બજારોને પણ ઓળખ્યા. ઓઈલ મિલો કઈ રીતે કામ કરે તે સમજ્યા. જાણે બજારના વિચારને સમજવા સ્નાતક થયા !

આના કારણે બહેનોને રાયડાનાં ઉત્પાદન માટે શ્રેષ્ઠ ભાવ ક્યાં મળે ? રાયડાનાં ગુણવત્તાના માપદંડો, બજારની માંગ, રાયડાનાં બીજને કેવી રીતે વર્ગીકૃત કરવામાં આવે છે, તેલનું પ્રમાણ, ભેજનું પ્રમાણ, રંગ, બીજની પરિપક્વતા અને ઓઈલ મિલો માટે સરસવના દાણા વિષે સમજ મેળવી. ખેતી આવડે પણ સમજ નહીં. આમ કામ અને સમજને અનુબંધના તાંતણે બાંધ્યા.

સાથે સાથે આગળ વધુ કામ કરવા મંડળીએ રાયડાનાં નમૂનાઓમાં ભેજ માપવાનું મશીન પણ ખરીદ્યું અને રાયડાનાં ભેજ મુજબ ભાવ આપી પહેલી વાર ઘેર બેઠા સભાસદોના ૧ ટન રાયડો ખરીદી કરી અને નરોડા ઓઈલ મિલોમાં વેચાણ કર્યું. ખરીદતા શીખ્યા. વેચતા શીખ્યા. પ્રામાણિકતા રાખીને ધંધો કરતા શીખ્યા.

બહેનોનો આ પ્રથમ પ્રયાસમાં સફળ થયા. જે બહેનોને ભાવની ખબર નહોતી તે આજે જાતે બજારમાં પ્રવેશી પોતાના સભાસદોનાં ઉત્પાદનનાં સારા ભાવ અપાવવા સક્ષમ બની અને વધુ સારા બજાર સાથે જોડાણો કરવા આત્મવિશ્વાસુ બની, બહેનોને બજાર સાથે જોડ્યા.

હિંમતપુરાનાં લક્ષ્મીબહેન અને ટીનીબહેન ગોહેલે કહ્યું કે, 'અમને રાયડાના ૨૦ કિલોના ૮૭૦ રૂપિયા મળ્યા, જે અમને મળતા બજાર ભાવ કરતાં વધુ સારા હતા. પહેલા તો ૮૨૦ મળતા બીજું મારો સમય અને ભાડું પણ બચ્યું. હવે હું ખેડા મંડળીને જ રાયડા વેચીશ'.

ઘરનું ઘર ખરીદવા

# હોમ લોન

વ્યાજદર માત્ર ૯.૫%



- લોનની રકમ – ૧ લાખ થી ૪૦ લાખ સુધી
- હપ્તા ની રકમ ઉંમરના આધારે નક્કી કરવામાં આવશે.
- શરતો ને આધિન
- વ્યાજના દર વખતોવખતના ફેરફારને આધિન

‘0’ પ્રિ-પેમેન્ટ પેનલ્ટી

**શ્રી મહિલા સેવા સહકારી બેંક લિ.**

વધુ માહિતી માટે નજીક ની શાખાનો સંપર્ક કરો અથવા કોલ કરો.
ફોન નંબર-૦૭૯-૨૬૫૮૧૬૫૨ / ૦૭૯-૨૬૫૮૧૫૯૭ / ૭૮૬૩૮૨૫૯૫૩
ઈ-મેલ : mail@sewabank.com વેબસાઈટ : www.sewabank.com

આ મહિલા ખેડૂતો સહકારી સ્થાનિક ખેડૂતો અને મોટા બજારો વચ્ચેના અંતરને દૂર કરી રહી છે, અનુબંધ બાંધી રહી છે, તેમની સ્થાનિક અર્થવ્યવસ્થાને વધુ આત્મનિર્ભર બનાવી અને ઈલાબહેનની આંતરદષ્ટિને પોતે સમજતી થઈ છે.

બહેનોનાં સંગઠનોનાં આવા નાના સામૂહિક અનુબંધિત પગલાં માત્ર સ્થાનિક અર્થતંત્રોને જ નહીં પણ સમુદાયોને પણ મજબૂત કરી શકે છે.

**- જયા વાઘેલા**

❑

## હરિયાળું ગામ, હરિયાળી ખેતી, હરિયાળા ખેડૂત બહેનો

તાજેતરમાં ગાંધીનગર જિલ્લામાં ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન (FAO)ના એડ્રીન અને લોરેનબહેન નાંદોલ ગામની મુલાકાતે આવ્યા. જેમાં હરિયાળું ગામ એટલે કે જેમાં, 'સેવા'ની તમામ ''સ્વચ્છ આકાશ'' ઝુંબેશની પ્રવૃત્તિ – સજીવ ખેતી, જૈવિક ખાતર, રાસાયણિક દવાઓનો વપરાશ નહિ પણ ઘરગથ્થુ દવાઓ જે ખેડૂતો જાતે જ ઘરે બનાવીને પોતાના ખેતરમાં ઉપયોગ કરતા હોય – ચાલે છે. વાતાવરણના બદલાવની તાલીમોનો સમાવેશ થાય છે. ખાસ તો આપણે ગામડામાં સેવાના સભ્ય બહેનોને ખેતીમાં શીખવવામાં આવતી સજીવ ખેતીની માહિતી અને તાલીમો આપીને તેમને જૈવિક ખાતરનો ઉપયોગ આજના જમાનામાં કરતાં શીખવીએ છીએ. તેની એક રૂબરૂ સમજ અને બહેનોની ખેતીની સ્થિતિ તેમ જ વાતાવરણના બદલાવ સામેની શ્રમજીવીઓ આગામી તૈયારી કેવી રીતે કરે છે તે સમજવા એફ.એ.ઓ.ના પ્રતિનિધિઓ આવેલાં.

ખેતી કરતા આપણાં નવા પેઢીના આગેવાન મિત્તલબહેન ઠાકોરના ખેતરની મુલાકાત થઇ. જેમાં તેમના ખેતરમાં શાકભાજી, તુવેર, ચોળી, કાકડી, ભીંડાની વાવણી પ્રત્યક્ષ જોઇ. આ તમામ ખેતી ઓર્ગેનિક (સજીવ) હતી. જેમાં છાણિયું અને અળસિયાનું ખાતર જાતે જ મિત્તલબહેને તૈયાર કરેલું જે પણ મહેમાનોએ જોયું. જેમાં સેવા દ્વારા આપતી તાલીમો, સમજની ઉંડાણપૂર્વકની માહિતી મિત્તલબહેને મહેમાનોને આપી. મિત્તલબેન કામ કરતા જાય છે અને શીખે છે અને શીખે છે તે અમલમાં મુકે છે.

ખેતરમાં ઝાટકા મશીનનો ઉપયોગ કેવી રીતે શ્રમજીવીઓ કરે છે તે સમજવા રજુબહેન કે, જે સેવા સાથે છેલ્લા ૧૫ વર્ષથી જોડાયેલાં છે તેમના ખેતરમાં ગયા. ખૂબ ઉત્સાહથી વાત કરતાં રજુબહેન કહ્યું કે, મારા ખેતરમાં તો ભૂંડ, રોઝડા, નીલગાય, કૂતરાનો ત્રાસ ખૂબ જ હતો. જીના કારણે મારે રાતેય જાગવું પડતું. બગાડ કરે અનાજનું. વાડ તોડે. પાણીની કેનાલો ખૂંદી નાખે. તેના કારણે મારા ખેતરની આવક બગડતી. મેં ઝાટકા મશીન વસાવ્યું અને તેનો ઉપયોગ કેવી રીતે કરવાનું તે સેવાની તાલીમોમાંથી શીખી. હવે રાતે ખેતરમાં જાવું નથી પડતું. મશીનના કારણે ભૂંડ, રોઝડા આવતા બંધ થઇ ગયા. આવક વધી અને નુકસાન ઘટ્યું.

સોલાર લાઇટ ટ્રેપ પણ રજુબહેને લગાવેલી. તે વિશે વિગતે વાત કરતા તેમણે કહ્યું કે, પહેલા અમારે જીવાત, મચ્છી બહુ આવતી હતી. તેના નિયંત્રણ માટે અમારે દવાઓ લાવવી પડતી હતી. સેવાની તાલીમો લીધા બાદ અમને સોલાર લાઇટ ટ્રેપની માહીતી મળી. ''અમને હમજાયું કે, ખેતરમાં આ દવાઓ નાંખીએ તો તે પાકમાં પણ દવાઓ જાય. ખાવામાં એક જાતનું ઝેર જ કેવાય ને ! દવાનો ખર્ચો ય ખાસ્સો એવો થાતો. હવે ખેતરમાં સોલાર લાઇટ ટ્રેપ લગાયા પછી કોઇપણ જાતની જીવાતની દવા છાંટવી જ નથી પડતી. મજૂરી ખર્ચ પણ થતો નથી. પાક પણ એકદમ ચોખ્ખો. બીજું હું જોઇએ ખેતીમાં....?'' તેમણે જણાવ્યું.

''આટલેથી અટકતું નથી મારે તો મારા ખેતરમાં પ્રિસિસન પંપ ઇને કેવાય પાવડી પંપ. ઇય છે મારા ખેતરમાં. પેલા તો મારે પિયત આપવા ખર્ચો મસમોટો થાતો. નિંદણ (પાકમાં ઉગતું વધારાનું ઘાસ) ઘણું થાતું. પંપ નાંખ્યા પછી તો છોડને સીધું પિયત આપી શકાય. ઇય પાસું કોઇપણ ખાતર નાંખવું હોય તો આ પંપથી ઝટથી થઇ જાય. છોડનો વિકાસ અને ઉત્પાદનમાં પણ વધારો થયો. પંપથી અમે ગમે ત્યારે પિયત કરી શકીએ. નિંદણ તો થાય જ નહિ. જમીન ય પોચી રહે,'' તેમણે ઉમેર્યું.

રજુબહેને તેમની જૈવિક ખેતીનો અનુભવ એડ્રીન અને લોરેનબહેનને કહ્યો. જેનાથી આવેલા મહેમાનોને સમજાવ્યાં કે, ખેતીની તેમ જ ટેકનોલોજી છેલ્લી ઢબના સાધનોની સેવાની તાલીમોથી ખેતીમાં હકારાત્મક બદલાવ આવી રહ્યો છે. નવી ટેકનોલોજી અને જુની પદ્ધતિનો મેળ પાડી બેઉના સારા પાસા હાથમાં લઈએ છીએ. ગામડાંની બહેનોમાં ખેતીની સાચી સમજ જઇ રહી છે.

ગામનાં નીરૂબહેન ગામમાં 'રૂડી' બહેન તરીકે કામ કરે છે. આસપાસના ગામોમાં ઉગેલું કરિયાણું બહેનોને જરૂરિયાત પ્રમાણે વેચીને આપે છે. તેમના ઘરે જ 'રૂડી'ના સામાનની માહિતી મહેમાનોને આપી. તેમની આજિવિકા અને આવક વિશેના અરસપરસ સવાલો કરી સમજ મેળવી. સ્થાનિક ઉત્પાદન, સ્થાનિક પ્રોસેસીંગ, સ્થાનિક વેચાણ, અને સ્થાનિક ઉપયોગ : ઘીના કામમાં ઘી પડે છે!

ત્યાર બાદ મહેમાનો 'સેવા ગ્રામ મહિલા હાટ'ની ૨૪મી વાર્ષિક સાધારણ સભામાં જોડાયા. આ સભા નાંદોલ ગામની સહકારી દૂધ મંડળીના હોલમાં રાખવામાં આવી. જેની શરૂઆત 'સેવા'ની પ્રણાલી મુજબ સર્વધર્મ પ્રાર્થનાથી કરી. સ્મિતાબહેને ગ્રામહાટ કારોબારી, મહેમાનો તથા સભામાં આવેલા તમામનું સ્વાગત કર્યું અને ૨૪મું વર્ષ યાદગાર બનાવવા આમંત્રણ આપ્યું. જેમાં ખાસ તો છોટાઉદેપુર, બોડેલીની ટીમે સજીવ ખેતી પર સરસ મજાનું ટીમલી ગીત અને ડાન્સ કર્યો. જેના શબ્દો– ''મારી વાડીને મારે ઝેર નથી આપવું.....

મારી ખેતીને મારે ટકાઉ કેમ બનાવવી...?''

કામ, આરામ, આનંદ, ઉજવણી બહેનો કેવી એકમેકમાં વણી લે છે !

અરવલ્લી જિલ્લાનાં મુબારકબહેને પોતાનો પરિચય આપતાં કહ્યું કે, ''હું એક ખેતમજૂર બહેન છું. સેવા સાથે ૧૫ વર્ષથી જોડાયેલી છું. સંકલિત અભિગમથી કામ કરૂ છું. રૂડીની વાત કરતાં કહ્યું કે, પહેલાં તો રૂડીનો સામાન ગામડે ગામડે વેચવા જતી. તેય પાછું ચાલીને જવાનું. મને ઘણી તકલીફ પડી. સેવામાંથી લોન લઇને એક્ટિવા લીધું. પછી કામમાં સરળતા પડી. સમય બચ્યો ને માલનું વેચાણ વધારે થવા લાગ્યું. ત્યાર બાદ મોબાઇલ ચલાવતા શીખી. સમય સાથે અપડેટ તો થવું પડે ને... હવે તો રૂડીના ઓર્ડર પણ મોબાઇલથી જ લઇ લઉં છું. પહેલાં ગામડે જઇને ઓર્ડર લાવતી. હવે મોબાઇલ એપ્લિકેશનથી જ ઓર્ડર લઇ લઉં છું. મારા કામનો વિસ્તાર વધ્યો. મારી આવક વધી. એક મહિનાનું આશરે ૫૦,૦૦૦/-નું વેચાણ કરું છું. સેવામાં જોડાયા બાદ ઘર પાકું બનાવ્યું. છોકરો ભણાયો. રૂડીએ મારો જીવન સંસાર રૂડો કર્યો.''

કાશ્મીરથી સબીનાબહેન કહે કે, ''મેં ૧૩ સાલ સે સેવા કે સાથ કામ કર રહી હું. ખેતી સે જુડી ૫૦૦૦ બહેનો કો તાલીમ દી હૈ. તાલીમ કે બાદ આજ મેરી હર બહન મહિને ૩૦૦૦/- સે ૫૦૦૦/- સેલિંગ કરતી હૈ. હર બહન અપના ખર્ચા ખુદ નિકાલતી હૈ ઓર ઘર ભી ચલાતી હૈ. સંગઠનને કઇ બહેનો કો આગે આને કા મોકા દિયા. જબ હમ સબ એક હૈ તબ હમ સબ મજબુત હૈ.''

બધાંના અનુભવ સાંભળ્યા બાદ લોરેનબહેને કહ્યું કે, ''આજે એકસાથે આટલા બધા બહેનોને જોઇને આનંદ થયો. દરેક બેનમાં ઈલાબેન દેખાય છે. દરેક બહેન તેમના કામમાં આગળ વધી રહી છે. જે સશક્તિકરણની વાત છે તે તેમના કામમાં દેખાઇ રહી છે. ખેતીનું કામ ગામડાંની બહેનો સરસ રીતે કરી રહી છે. તેની સાથે પોષ્ટિક આહારની વિશે પણ સમજે છે. જે મે આજે અનુભવ્યું. સેવા સાથે જોડાવાની મને ખુશી છે. આગળ પણ સેવા સાથે જોડાયેલા રહીશું. આ તમારા અનુભવો દુનિયાભરની ગરીબ ખેડુત બહેનો સુધી લઇ જઇએ. કેટલા બધા બહેનો આગળ આવે ને તાકાતવાન બને!''

એડ્રીનભાઇએ પોતાનો અનુભવ વિશે કહ્યું તો, ''તમારી પાસેથી આજે ઘણુંબધું શીખવા મળ્યું. મારે પણ બે દિકરીઓ છે. આજે પિતા, પતિ તરીકે વાત કરૂ તો પુરૂષપ્રધાન સમાજમાં બહેનો સાથે મળીને કામ કરે તો સમાજ આગળ આવે. તમે બધાં એકબીજાની મદદ કરીને એકબીજાને આગળ લઇ જઇ રહ્યાં છો. આવી જ રીતે સેવા સાથે જોડાઇને આગળ વધતા રહેજો.''

ગાંધીનગર જિલ્લાના નાંદોલ ગામના આગેવાન ભાવનાબહેને કહ્યું કે, ''હું પોતે એક ખેતમજૂર બહેન છું. આપણે કહીએ છીએ કે દરેક બેન ઈલાબહેન. આજે હું ખૂબ જ ખુશ છું. હું એટલું જ કહીશ કે, ખેડૂત બહેન ભલે ભણેલી ઓછું હોય પણ તેમને તાલીમો અને માર્ગદર્શન આપવામાં આવે તો તે આગળ આવે છે. અમે આગળ આવ્યાં તે સંગઠનને આભારી છે.''

અંતમાં જ્યોતિબહેને મહેમાનો, સેવા ગ્રામહાટ ટીમ તથા તમામનો આભાર માન્યો અને એકતા ટકાવી રાખવા, સાદગી જાળવવા, અને સંપથી સૌ આગળ આવે તે પ્રયત્ન કરવા કહ્યું. ''આ ઈલાબેનનું કામ નથી આપણું કામ છે. આ રસ્તે આપણે સમાજ અને ભારતનું ઘડતર કરવાનું છે.''

**- અનિતા, ગાંધીનગર જિલ્લો**

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, iasew1905@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 22-7, 6-8-24

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]